# (૧) ટ્રેક નં. ૧ : માંગલિક

✿ પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક ✿ પૂજ્ય બહેનશ્રીનું માંગલિક
✿ મૈં હી પરમાત્મા હૂઁ

✿ ભક્તિ : પ્રથમ નમું અરિહંતને, બીજા સિદ્ધ ભગવાન,
આચાર્ય ઉવજ્જાયને નમી, નમું સાધુ ભગવાન.
પૂજ્ય સદ્‌ગુરુદેવને નમી, નમું ભગવતી માત. (૨)

✿ પ્રથમ જ પંચપરમેષ્ઠી ભગવંતો, દેવ-શાસ્ત્ર-ગુરુ અને પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાને અંતરમાં બિરાજમાન કરી અંતરના ભાવોથી વંદન કરીએ છીએ અને નિશ્ચયથી શુદ્ધાત્માને વંદન કરી આ પુસ્તકની શરૂઆત કરતાં અતિ હર્ષ અનુભવીએ છીએ. આ પુસ્તક તો છે અમૂલ્ય રત્ન. સમ્યક્‌દૃષ્ટિ, પૂજ્ય ભગવતી માતા ‘બહેનશ્રી ચંપાબેનના સ્વાનુભવવિભૂષિત વચનામૃતો’ એટલે જાણે દિવ્યધારા. તેનું રસપાન કરતાં થાકીએ નહીં તેવા અને તેમાં પણ સોનામાં સુગંધ ભળે તેવા પૂજ્ય શ્રી કુંદકુંદાચાર્યદેવના વારસ એવા પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના આ વચનામૃતો ઉપરના ‘અમૃત પ્રવચનો’ તેમાંથી વિષય અનુસાર ગોઠવેલ છે આ **‘મંગલ સમ્યક્ ગુરુ વાણી’**. પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા ઉપર આધારિત ‘મંગલ સમ્યક્ વાણી’ સીડી જે પૂજ્ય બહેનશ્રીની ૧૦૪મી જન્મજયંતી સમયે જાહેરમાં મૂકાઈ હતી તેને ખૂબ જ સફળતા મળતાં આ બીજો પ્રયત્ન કરીએ છીએ. તત્ત્વથી ભરપૂર છે આ પુસ્તક. બધી જ અપેક્ષાઓ દરેક વિષયમાં હોવા છતાં, એક પણ વિષય બીજી વાર ન આવે તેનું ધ્યાન રખાયું છે. આજની નવી પેઢી કે જેની પાસે સમય ઓછો છે તેમને બહુ ઓછા સમયમાં ઘણું તત્ત્વ એક સાથે મળી જાય તેવી કોશિશ કરી છે. દરેક મુમુક્ષુને વિનંતી કે દરરોજ એક વિષયનું તો ભાવભાસન સહિત જરૂર રસપાન કરજો. આ સીડી તથા પુસ્તક આધ્યાત્મિક હોવાથી કોઈ અશાતના ન થાય એનું ખાસ ધ્યાન રહે. આ સીડી તથા પુસ્તક બનાવવાના કાર્યમાં મદદ કરનાર સર્વ ભાઈ-બહેનોનો આભાર માનીએ છીએ.

કોઈ પ્રકારની ક્ષતિ ન રહે તે માટે ઘણી કોશિશ કરી છે છતાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમા માગીએ છીએ અને ક્ષતિ ધ્યાનમાં ન લેતા પૂજ્ય બહેનશ્રી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના અંતરના ભાવોને સમજી સર્વ જીવ આત્મકલ્યાણ કરે તે ભાવના સહ શરૂ કરીએ છીએ

મંગલ સમ્યક્ ગુરુ વાણી 'મંગલ સમ્યક્ ગુરુ વાણી' અને હવે પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સાંભળીએ પૂજ્ય બહેનશ્રીના વચનામૃત પુસ્તકનો અપૂર્વ મહિમા.

✿ ભક્તિ : આ વચનામૃત અમૃત છે માતા, ધ્રુવ ધારાના સંદેશ

હો રાજા-ધ્રુવ રાજાના સંદેશ (૨)

✿ ગુરુદેવશ્રી : શ્રીમદ્ કહે છે ને કે

વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ,
ઔષધ જે ભવરોગના, પણ કાયરને પ્રતિકૂળ.
એ ગુણવંતા એ જ્ઞાની, અમૃત વરસ્યા રે પંચમકાળમાં

✿ આ તો વચનામૃત તો સાર આવી ગયો છે સારા બાર અંગનો (સાર.) માખણ છે એકલું.

✿ જો આ બેનના વચનો છે આ. એ અનંત જ્ઞાનીઓના વચનો છે.

✿ બેન હૈ, ચંપાબેન હૈ એક. અસંખ્ય અબજવર્ષકા જાતિસ્મરણ હૈ. ઔર ઉસકે ઉપદેશમેં આયા થા, યહાં ૬૪ લડકિયાઁ બાલબ્રહ્મચારી હૈ ઉસમેંસે ૯ને લિખ લિયા તો આ બહાર આ ગયા હૈ.

✿ બેનની તો વાણી અનુભવના આનંદમેંસે નીકલી હૈ ને ! નીકલી હૈ તો વાણી વાણીસે નીકલી હૈ પણ નિમિત્તપણું હૈ તો ઐસે વાણી આત્માકી આત્માસે વાણી (નીકલી હૈ) ઐસા કહનેમેં આતા હૈ.

✿ બેન કહેતે હૈ વો ભગવાન કહતે હૈ, ભગવાન કહતે હૈ વો બહેન કહતે હૈ.

✿ આ સિદ્ધાંત હી હૈ સારા, સમયસારમેં જો કહાં યે સિદ્ધાંત અનુભવસે આયા હૈ.

✿ સાદી ભાષા અને મર્મ ઘણો. આ ઘણાને પ્રિય થઈ ગયું છે-વેદાંતવાળા વાંચે એને પણ એમ થઈ જાય છે કે આ શું ? સાદી ભાષા છે, ને અસ્તિની છે.

✿ વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે.

✿ પુસ્તક બહાર આવી ગયું છે. લોકો વાંચશે, એની મેળાએ સત્ય પ્રમાણે સમજાય એવું છે. બહુ ઝીણું નથી. ગૂઢ છે ને. ભાષા સાદી ગુજરાતી. એકલા સિદ્ધાંતો જ છે. અમૃત રેડ્યા છે એકલા. ભાષા સાદી. અમૃત છે. એકવારનો જો મધ્યસ્થ પ્રાણી હોય તો વાંચે ને તો એકવાર તો ગર્વ ઉતારી નાખે આવું છે, ભાવ ઘણાં ઊંડા છે. મધ્યસ્થ માણસ હોય તો એકવાર તો એને આત્મામાંથી લાગે કે ઓહો ! આવી વાત તો આપણી સાંભળી નથી.

✿ બહુ ટૂંકા શબ્દ (છે,) જે કોઈ વાંચે એ ખુશી થાય છે. જગતના ભાગ્ય છે કે વાત બહાર આવી છે.

✿ આ તો સનાતન સત્ય, પરમ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવે દિવ્યધ્વનિ દ્વારા ઈન્દ્રો ને ગણધરોની સમક્ષમાં આ કહ્યું છે એ વાત અહીંયા સંતોએ જગતને જાહેર કરી છે. એ બેને પોતાની સાદી ભાષામાં આ બહાર પાડ્યું છે, મંત્રો છે.

✿ લોકોને આ સાંભળીને, વાંચીને કંઈક માહાત્મ્ય આવે, એમ લાગે કે કાંઈ છે આમાં. આ તો લાખો શાસ્ત્રોનો નીચોડ છે.

✿ ૪૩૨ બોલ છે આમાં. બેનના વચનામૃતો ૪૩૨ બોલ છે. એક એક બોલ અમૂલ્ય છે-પણ સમજવા માટે તૈયારી જુએ, બાપુ !

✿ એને અનુભવમાંથી આવેલી વાત છે. કોઈ ગોખી રાખ્યું છે ને ધારી રાખ્યું છે એમાંથી વાત આવી છે (એમ નથી.)

✿ ત્રણ લોકના નાથ સર્વજ્ઞ, જિનેશ્વર, પરમેશ્વર, એની આ વાણી છે. બેન ત્યાંથી આવ્યા છે. મહાવિદેહમાંથી. અને અનુભવથી ત્યાં વાતુ કરે છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. કોકે એમ કહ્યું કે વચનામૃતનું નામ એવું આપો "દિવ્યદૃષ્ટિ પ્રકાશ". આ તો વસ્તુ તો જે છે એ છે.

✿ સાચું શ્રવણ કરવું, બાપુ ! એ ભાગ્ય વિના મળે નહીં, જિનેશ્વરદેવ, ત્રિલોકનાથ, પરમાત્મા બિરાજે છે-સીમંધરપ્રભુ, જિનેશ્વર બિરાજે છે-સીમંધરપ્રભુ તો મહાવિદેહ. એમાંથી આવેલી વાણી, આ એમાંથી આવેલા આ બહેન. ત્યાંથી આવેલા છે. એની આ વાણી છે.

✿ આ તો ૧૫ પ્રકારે શાસ્ત્ર બહાર આવ્યા છે. તાડપત્રો પર છે કર્ણાટકમાં તાડપત્રો પર છે, ચાંકળા ઉપર છે, ચાંદીના પાના ઉપર છે.

✿ પુસ્તકના તો કાગળ બહુ આવે છે-આ વાંચી-વાંચીને. લોકો એવા રાજી થાય છે, એવા રાજી થાય છે કે આ પુસ્તક આવું? બીજી આવૃત્તિ આવે તો સારું, બીજી આવૃત્તિ ક્યાંથી આવે ? આ વસ્તુ છે તે બીજીવાર કંઈ થાય ? આની ને આની બીજી આવૃત્તિ થાય પણ બીજીવાર કંઈ (આ વચનો આવે) એ તો નીકળ્યા એ નીકળ્યા વચનો. અને આમાં બધું પૂરું આવી ગયું છે, એ તો મંત્રો છે. પ્રભુ ! આ કાંઈ કોઈ વાર્તા કથા નથી ! અહો ! જગતના ભાગ્ય કે આવી ચીજ બહાર આવી ગઈ-થોડાં શબ્દોમેં.

✿ કાલ પત્ર આવ્યા છે. બહેનના વચનામૃતો ૪૦૦ મોકલો. લો, આ એવું આ પુસ્તક છે દિગંબર સાધુ હોં-દ્રવ્યલીંગી-એ તો પોતે આ વાંચીને કહે છે કે ‘હમ સાધુ નહીં, હમ સાધુ નહીં, આપ જો કહતે હૈ વો ચીજ હમારે પાસ હૈ નહીં’.

✿ પુસ્તક હજી આગળ જશે આઘા. લોકો વાંચશે ધીમે ધીમે ધીમે-તેમ તેની એને કિંમત થતી જશે. કે આ શું છે આ ચીજ. એક જણો તો એમ લખે છે કે બહેનના વચનામૃતના ઠેકાણે “દિવ્યધ્વનિના વચનો” છે એમ લખો. દિવ્યધ્વનિ જ છે.

✿ સાદી ભાષામાં ઘણું. કોઈ આમાં વ્યાકરણ કે સંસ્કૃતની કંઈ જરૂર પડે નહીં.

✿ આ તો વસ્તુકા સ્વરૂપ હૈ, આ કાંઈ પક્ષની કે વાડાની વાત હૈ નહીં.

✿ બેનની વાણી-એક-એક અક્ષર મનન કરવાને લાયક છે.

✿ માણસ મધ્યસ્થ હોય અને પૂર્વનો આગ્રહ હોય એને છોડવાને માટે તૈયાર હોય તો એને આ સમજવાનું એકદમ સરળ પડે.

✿ અહીં તો ત્રિલોકનાથ સર્વજ્ઞે કહ્યું છે એ બેનની વાણીમાં અનુભવ-માંથી આવ્યું છે-જો આવા વચનામૃત કોને ન ગોઠે ? (ગમે). આ વસ્તુની ચીજ છે, વસ્તુ છે અંદર. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જે જોયું છે તે આ વાત છે.

✿ મને તો એક વિચાર એવો આવ્યો કે ૪૩૨ (બોલ) છે ને ? ૪+૩= ૭

+ ૨=૯ વીતરાગભાવ છે આખો. અફર ભાવ છે. કુદરતી જ્યાં સહજ થતું હોય એમાં કોણ કરે ! ૪૩૨ બોલ છે. બેનના વચનામૃતમાં મોતી ભર્યા છે.

✿ જેમ ભગવાન પાસે કુંદકુંદ જઈને આવ્યા ને વાણી લઈને આવ્યા એમ બેન પણ ત્યાં થા, તો ત્યાંસે જરી ભૂલ હો ગઈ તો આ ગયા, યહાઁ સ્ત્રી હો ગયા હૈ.

✿ ઘણું સ્પષ્ટ આવ્યું છે. ઓહોહો ! શરૂઆતથી ઠેઠ સુધી એક પુસ્તકે તો બેડો પાર કરી નાખ્યો છે. અને તે બી(પણ) પોતે બેને ક્યાં લખ્યા છે ? લખનારે લખ્યા છે. એને પણ ખબર નહોતી કે આ લખે છે બહેનને. લખનારને પણ ખબર નહોતી કે આ બહાર પડશે. એ તો સહજપણે જ્યાં બન્યું છે ત્યાં. બહુ જ ટૂંકામાં આખો સત્યનો સંગ્રહ. આખું એક પુસ્તકમાં એટલું ભર્યું છે.

✿ આ તો અમૃતના રત્નના ઢગલા ભર્યા છે આમાં. આ પુસ્તક તો એવું કોઈ આવી ગયું છે બહાર કે જેના એક એક બોલમાં મહિમાવંત તત્ત્વને પ્રસિદ્ધ કર્યો છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)